# સદ્‌ભાવનાના સૈનિક... અહમદ પટેલની અલવિદા






**સરળતા, સહજતા અને સદ્‌ભાવના એમની સાચી ઓળખ હતી... સતત મદદરૂપ થવાનો સ્વભાવ તેમની આગવી ઊંચાઈ હતી... જાહેર જીવન માટે પ્રેરક વ્યક્તિત્વ... સમયના પાકા આગ્રહી અને સૌને સાથે લઈને ચાલવાની તેમની લાક્ષણિકતા યુવા નેતાગીરી માટે પ્રેરણારૂપ બની રહેશે....**

● ૧૯૭૭માં જે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસની કારમી પરાજય થઈ હતી, તે ઈલેક્શનમાં અહેમદ પટેલ ભરૂચથી જીત્યા હતા. જ્યારે કે ખુદ ઈન્દિરા ગાંધી પણ હાર્યા હતા.

કોંગ્રેસના ચાણક્ય કહેવાતા અહેમદ પટેલનું નિધન થયું છે. ગત એક મહિનાથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા. તેઓ કોરોના સંક્રમિત થયા હતા અને તેના બાદ તેમના શરીરના અનેક અંગોએ કામ કરવાનું બંધ કર્યુ હતું. અહેમદ પટેલ ગાંધી પરિવાર ઉપરાંત કોંગ્રેસ પાર્ટીના સૌથી ખાસ સદસ્ય હતા અને ગત ૧૯ વર્ષોથી કોંગ્રેસ પાર્ટીને ચતુરાઈથી સંભાળતા હતા.

અહેમદ પટેલ વિશે સાર્વજનિક તરીકે બહુ જ ઓછી માહિતી મળે છે. તેઓ ઈલેક્શનના સમયમાં જ મીડિયામાં દેખાતા, પરંતુ



બહુ જ થોડા સમય માટે. અહેમદ પટેલે નગરપાલિકાના ચૂંટણીથી રાજનીતિની શરૂઆત કરી હતી. જોતજોતા તેઓ કોંગ્રેસ પાર્ટીના સર્વેસર્વા ઈન્દિરા ગાંધીની નજરમાં આવી ગયા. ઈન્દિરા ગાંધીની નજરમાં તેમનુ આવવું ખાસ બાબત બની રહી હતી. કેમ કે, ૧૯૭૭માં જે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસની કારમી પરાજય થઈ હતી, તે ઈલેક્શનમાં અહેમદ પટેલ ભરૂચથી જીત્યા હતા. જ્યારે કે ખુદ ઈન્દિરા ગાંધી પણ હાર્યા હતા.

**૮ વાર સાંસદ, પાર્ટીના દરેક પદની જવાબદારી ઉઠાવી**

અહેમદ પટેલ સાંસદમાં ૮ વાર ગુજરાતના પ્રતિનિધિ બન્યા. ત્રણ વાર લોકસભા સાંસદના પદ તરીકે, તો ૮ વાર રાજ્યસભા સાંસદ તરીકે. અહેમદ પટેલે કોંગ્રેસ પાર્ટીમાં દરેક જવાબદારી બખૂબી ઉઠાવી હતી. કોંગ્રેસ પાર્ટીને ગુજરાતમાં મજબૂત બનાવી અને યૂથ કોંગ્રેસને સમગ્ર દેશમા સંગઠન તરીકે ઉભુ કર્યું. આજે કોંગ્રેસમાં જે પણ જૂના નેતા દેખાય છે. તેમાઁથી અનેક યૂથ કોંગ્રેસમાંથી નીકળીને આવ્યા છે. અહેમદ પટેલ કોંગ્રેસ પાર્ટીના મહાસચિવથી લઈને કોષાધ્યક્ષ સુધીના પદ પર રહ્યા. તેઓ ૧૯૭૭ થી ૧૯૮૨ સુધી ગુજરાત યૂથ કોંગ્રેસના અધ્યક્ષ રહ્યા. વર્ષ ૧૯૯૧ માં જ્યારે પટેલને કોંગ્રેસના વર્કિંગ કમિટીના સદસ્ય બનાવવામાં આવ્યા, તે આજીવન રહ્યાં.



**રાજીવ ગાંધીના સંસદીય સચિવ**

અહેમદ પટેલ રાજીવ ગાંધીના પ્રધાનમંત્રી બનતા સુધી મજબૂત નેતા બની ચૂક્યા હતા. તેમના પર રાજીવ ગાંધીને સૌથી વધુ ભરોસો હતો. તેઓ રાજીવ ગાંધીના ન માત્ર સંસદીય સચિવ હતા, પરંતુ તેમની મહત્વકાંક્ષી પરિયોજનાઓને આગળ વધારવાની જવાબદારી પણ તેમના પર હતી. તેઓ મંત્રાલયમાં રહેવામાં વિશ્વાસ ન ધરાવતા, તેથી અહેમદ પટેલને કિંગમેકર કહેવામાં આવતા હતા.

**સોનિયા ગાંધી અને અહેમદ પટેલ**

સોનિયા ગાંધીની આગેવાનીવાળી કોંગ્રેસમાં અહેમદ પટેલે પહેલાથી જ તાકાતવાર શખ્સિયત બન્યા હતા. સીતારામ યેચુરીના પાર્ટી અધ્યક્ષ પદ પર બની રહેવા દરમિયાન તેઓ પાર્ટીના કોષાધ્યક્ષ હતા. પરંતુ સોનિયા ગાંધીના પીએ વી જ્યોર્જ સાથે તકરાર બાદ વર્ષ ૨૦૦૦ માં તેઓએ એ પદ છોડ્યું હતું. જોકે, ૨૦૦૧માં સોનિયા ગાંધીએ તેઓને પોતાના રાજકીય સલાહકાર બનાવ્યા હતા અને ત્યારથી તેઓ સોનિયા ગાંધીના દરેક નિર્ણય પર સાથે રહ્યા હતા.

**અહેમદ પટેલ વર્સિસ અમિત શાહનું ઈલેક્શન**

કોંગ્રેસે ભલે એક જ સીટ પર જીત નોંધી હતી, પરંતુ બે સપ્તાહ લાંબી ખેંચતાણ બાદ મળેલી જીત કોંગ્રેસ માટે કોઈ મેદાની જીતથી ઓછી ન હતી. હકીકતમાં બીજેપીના ચાણક્ય કહેવાતા અમિત શાહની એન્ટ્રી બાદ આ ઈલેક્શન શાહ વર્સિસ અહેમદ પટેલ થઈ ગયું હતું.

ત્રીજી સીટ પર કોંગ્રેસ તરફથી અહેમદ પટેલ ઉમેદવાર હતા, જ્યારે કે બીજેપીએ તેમની સરખામણી કોંગ્રેસથી આવેલ બળવંત રાજપૂતને મેદાનમાં ઉતાર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં રાજ્યસભા માટે ત્રણ સાંસદ પસંદ પસંદ કરવામાં આવ્યા હતા.



## અહમદ પટેલ

**● ૨૧ ઓગસ્ટ, ૧૯૪૯ ● ૨૫ નવેમ્બર, ૨૦૨૦ ●**

એક સાંસદ માટે ઓછામાં ઓછા ૪૭ વોટની જરૂર હોય છે.

ત્રીજી સીટ પર કોંગ્રેસ તરફથી અહેમદ પટેલ ઉમેદવાર હતા. જ્યારે બીજેપીએ તેમની સામે બળવંત રાજપૂતને ઉતાર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં રાજ્યસભા માટે ત્રણ સાંસદ ચૂંટાય છે. એક સાંસદને જીત માટે ઓછામાં ઓછા ૪૭ વોટની જરૂર પડે છે.

**રાત્રે ૧૨ વાગ્યે ઈલેક્શન પંચે નિર્ણય આપ્યો હતો**



બીજેપી તરફથી અરુણ જેટી, રવિશંકર પ્રસાદ અને પિયુષ ગોયલ જેવા દિગ્ગજો ઈલેક્શન પંચ પાસે પહોંચ્યા હતા. જ્યારે કે, કોંગ્રેસ તરફથી કપિલ સિબ્બલ, રણદીપ સુરજેવાલા સહિતના નેતા હાજર રહ્યા હતા. મોડી રાત સુધી બંને નેતાઓનુ ઈલેક્શન કમિશનાં સતત આવનજાવન રહ્યું અને રાત્રે ૧૨ વાગ્યે ચૂંટણી પંચે પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.

● સવારે ૧૦ વાગ્યે તેમનો કોરોના રિપોર્ટ આવશે, જેના બાદ તેમની દફનવિધિનો નિર્ણય લેવાશે. જો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવશે તો દિલ્હીમાં દફનવિધી કરાશે, અને રિપોર્ટ નેગેટિવ આવશે તો પૈતૃક ગામ પીરામણ લવાશે

અહેમદ પટેલ ના નિધનથી રાજનીતિએ લોકનેતા ગુમાવ્યા છે. જેઓને મળવા માટે ક્યારેય એપોઈન્ટમેન્ટની જરૂર ન પડતી તેવા દિગ્ગજ નેતાને આજે કોંગ્રેસે ગુમાવ્યા છે. ત્યારે કોરોનાગ્રસ્ત આ નેતાના નિધન કોરોનાનો રિપોર્ટ કાઢવામા આવ્યો છે. સવારે ૧૦ વાગ્યે તેમનો કોરોના રિપોર્ટ આવશે, જેના બાદ તેમની દફનવિધિનો નિર્ણય લેવાશે. જો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવશે તો દિલ્હીમાં દફનવિધી કરાશે, અને રિપોર્ટ નેગેટિવ આવશે તો પૈતૃક ગામ પીરામણ લવાશે. રિપોર્ટ નેગેટિવ આવશે તો દિલ્હીથી ચાર્ટડ પ્લેન દ્વારા તેમના મૃતદેહને વડોદરા લવાશે. વડોદરાથી અંકલેશ્વરના પિરામણ ગામે મૃતદેહને લઈ જવાશે. તેમના નિધનના સમાચાર સાંભળ્યા બાદ તેમના ઘરે ધીરે ધીરે કાર્યકરો અને સ્થાનિક લોકો ભેગા થઈ રહ્યા છે.

**વિજય રૂપાણીએ શ્રદ્ધાંજલિ આપી**



સીએમ વિજય રૂપાણીએ શ્રદ્ધાંજલિ આપતી ટ્વીટ કરી કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ શ્રી અહેમદભાઈ પટેલના દુઃખદ અવસાનથી શોકમગ્ન છું. કોંગ્રેસ પાર્ટીને મજબૂત બનાવવામાં તેમની ભૂમિકા અને તેમના સામાજીક કાર્યો હંમેશા યાદ રહેશે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે એ જ પ્રાર્થના. ૐ શાંતિ....

'ૐ શાંતિ'
ઊગતી પ્રતિભાઓને મન, કર્મ અને વચનથી
આકર્ષનારા ઉમદા વ્યક્તિત્વનો સુરજ આજે
આથમી ગયો,
સંયમ,સાદગી,સંઘર્ષ અને સમર્પણનુ સાક્ષાત
સ્વરૂપ એવા સ્વ.શ્રી અહમદ પટેલ કેટલાયને
અનાથ બનાવી અને અનંત યાત્રાએ આગળ
ધપી ગયા,
ઈશ્વર એમના આત્માને શાશ્વત શાંતી અર્પે
એવી અંતર મનથી પ્રાર્થના..??

**અમિત ચાવડાએ કહ્યું, કોંગ્રેસે મોભી અને માર્ગદર્શક ગુમાવ્યા**

કોંગ્રસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ અહેમદ પટેલના નિધન પર કહ્યુ કે, તેઓ હંમેશા સામાન્ય લોકોને કેવી રીતે મદદ કરી શકાય તેવો વિચાર કરતા. કુદરતી આફત, રાહતના કાર્યો હોય, કોરોના મહામારી હોય કે પથી કચ્છ ભૂકંપ અને લોકડાઉનમાં પરપ્રાંતિયોને વતન મોકલવાની વાત હોય, તેઓએ હંમેશા આગળ ચાલીને લોકોને મદદ કરી છે. વિકાસકામોમાં પક્ષાપક્ષીથી ઉપર રહીને લોકો માટે કામ કર્યું છે. આજે આવુ ઉમદા નેતૃત્વ વિદાય



લઈ રહ્યુ છે, ત્યારે પરિવારના મોભી, અને માર્ગદર્શક ગુમાવ્યા હોય તેવો અનુભવ થાય છે. બહુ જૂજ નેતા હશે, જેઓએ આવી લોકચાહના મેળવી હશે. છેલ્લે ૯ તારીખે દિલ્હી

હોસ્પિટલમાં ખબરઅંતર પૂછવા હું તેમને મળ્યો હતો, ત્યારે પહેલો પ્રશ્ન ગુજરાતમાં કોરોના મહામારીમાં લોકોને સારવાર યોગ્ય રીતે મળે છે કે નહિ તે પૂછ્યુ હતુ. સાથે જ કાર્યકર્તાઓની નામજોગ પૂછપરછ પણ કરી હતી. સામાન્ય માણસની કાયમ ચિંતા કરનાર નેતા કોંગ્રેસે ગુમાવ્યા છે. કોંગ્રેસમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

**દરેક દુખોની દવા અહેમદ પટેલ હતા : શંકરસિંહ વાઘેલા**

શંકરસિંહ વાઘેલાએ અહેમદ પટેલ વિશે કહ્યું કે, ૪૨ વર્ષથી મારે તેમની જોડે સંબંધ હતો. તેઓ મારા જૂના મિત્ર હતા. જે માણસ આખી જિંદગી પાર્ટી માટે અને પાર્ટીના કાર્યકર્તાઓ માટે જીવ્યા, કોંગ્રેસને કોઈ તકલીફ પડે તો માણસ પડખે ઉભો રહ્યો અને પાર્ટીની ગાડી પાટા પર લઈ જાય એવું વ્યક્તિત્વ તેમન હતું. તેમના નિધનથી ન પૂરાય એવી ખોટ પડી છે. પબ્લિક લાઈફમાં પડ્યા પછી પણ સત્તાથી વિમુખ રહી શકે એવા માણસ હતા. કોઈ હોદ્દો માટે ક્યારેય કોઈ ઈચ્છા વ્યક્ત નથી કરી એવા અહેમદ પટેલના દુખદ અવસાનથી ઘેરા શોકની લાગણી વ્યક્ત થાય છે. ૧૯૭૮થી અમે બંને લોકસભાના સાંસદ હતા ત્યારથી અમારે ખૂબ અંગત સંબંધો હતા. દરેક દુઃખોની દવા એટલે અહેમદ પટેલ હતા.

**તેમના નિધનથી ગુજરાતને મોટી ખોટ પડશે : સીઆર પાટીલ**

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે શોક વ્યક્ત કરતા કહ્યું કે, નાના ગામમાંથી પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરીને દિલ્હીમાં મહત્વના પદ સુધી પહોંચીને તેમણે તેમની કાબેલિયત સાબિત કરી હતી. કોંગ્રેસ સત્તા પર હતી ત્યારે ગુજરાતને ઘણા લાભ આપવાના



સફળ પ્રયત્નો કર્યા હતા. પોતાના વિસ્તારમાં બાબુભાઈના નામે જાણીતા હતા. તેમના દુઃખદ અવસાનથી કોંગ્રેસને મોટી ખોટ પડવાની છે. તેમના અવસાનથી ગુજરાતને પણ મોટી ખોટ પડશે.

**ભરતસિંહ સોલંકીએ કહ્યું કે...**

કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીએ શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, વર્ષોથી તેઓએ કોંગ્રેસને મજબૂત અને એક કરવા પ્રયત્નો કર્યા છે. જ્યારે પણ મુશ્કેલી આવી તેના ઉકેલ અને રસ્તો કાઢવા કુશળતાપૂર્વક કામ કર્યું છે. કોંગ્રેસ અન દેશને આજે મોટી ખોટ પડી છે. કાર્યકરોને પણ મોટી ખોટ પડી છે. હું જ્યારે કોવિડમાં સારવારમાં હતો, ત્યારે મદદ કરવામા, મને પ્રોત્સાહિત કરવામાં સતત કાળજી લીધી. કોંગ્રેસને આગળ વધારવામાં તેઓનો મોટો ફાળો રહ્યો છે.

**હાર્દિક પટેલે શ્રદ્ધાંજલિ આપી**

તો ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે કહ્યુ કે, કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને અમારા નવયુવાનોના માર્ગદર્શક અહેમદ પટેલનું નિધન થયું છે. દિવંગત આત્માની શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરું છું. અહેમદભાઈએ મને સામાજિક, રાજકીય અને વૈચારિક રૂપથી મજબૂત બનાવવાનું કામ કર્યું હતું. ગુજરાતની જનતાના તેઓ હમદર્દ હતા. જ્યારે પણ હું દિલ્હી તેમને મળવા જતો તો મને જમ્યા વગર મોકલતા નહિ. વાયદા અને મિત્રતા નિભવનાર વ્યક્તિનું અચાનક જતા રહેવું આપણા સૌ માટે દુખદાયક છે. તેમના પરિવારને ભગવાન હિંમત આપે.

તો કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસે કહ્યુ ક, પરિવારના મોભી ગુમાવ્યા હોય તેવી લાગણી થાય છે. તેઓ સતત નાનામાં નાના કાર્યકરની ચિંતા કરનાર નેતા હતા. તો કોંગ્રેસના ધારાસભ્ય વિરજી ઠુંમ્મરે પણ દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, અહેમદભાઈ જેવા નેતા કોંગ્રેસને મળવા કઠિન છે. દેશે એક સંનિષ્ઠ નેતા ગુમાવ્યા છે. ગુજરાત કોંગ્રેસને મોટું નુકસાન થયું છે.

**અહમદભાઈની અલવિદાથી કોંગ્રેસને જ નહી પરંતુ સમગ્ર દેશના જાહેર જીવનને ભારે ખોટ વર્તાશે...**





